ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# નવરાત્રિ પર્વ અંતિમ ચરણમાં

## સેક્ટરે-સેક્ટરે ગરબાની રમઝટમાં ભાવિકોની ભીડ સમયની પાબંદી વચ્ચે ખેલૈયાઓને રાત પણ ટુંકી પડે છે

ગાંધીનગર, તા. ૩૦

નોરતાની રાતડી પાવનકારી એક-એક ગોરી ગુમે કાયા શણગારી... નવરાત મહોત્સવ અંતિમ ચરણમાં પહોંચી જતા ગરબે ઘુમતા ખેલૈયાઓ એક ક્ષણ પણ જતી કરવા માંગતા નથી. સેક્ટરોમાં ચોકના શેરી ગરબાથી લઈ અલ્ટ્રા મોર્ડન ગરબા મહોત્સવમાં નવયૌવન હીલોળે ચઢ્યું છે. સમયની પાબંદી વચ્ચે ગરબે ઘુમતા ખેલૈયાઓને રાત પણ જાણે ટુંકી પડે છે. અવનવા ભાતીગળ વસ્ત્રોમાં સજ્જ ખેલૈયાઓથી ભરચક ગરબા મેદાનમાં અવનવી સ્ટાઈલથી ગરબે ઘુમતા ગરબા રસિકોને નિહાળવા શ્રોતાઓની પણ ભીડ જામે છે. નવરાત મહોત્સવ અંતિમ ચરણમાં છે ત્યારે નગર આખુંય શક્તિના ભક્તિરસમાં તરબોળ બન્યું છે.

નવલા નોરતાના પ્રારંભથી જ નગરમાં અનોખી આધ્યાત્મિક ચેતના જાગૃત થયેલી જોવા મળે છે. સેક્ટરોની શેરીઓમાં નાના-મોટા ગરબા મહોત્સવના આયોજનમાં સાંજ ઢળતા જ રોશનીની ઝાકમઝોળ વચ્ચે માતાજીના ગરબાની રમઝટ જામે છે. માતાજીની ભવ્ય આરતી બાદ સેકટરોમાં યોજાતા પરંપરાગત શેરીગરબામાં મોટી સંખ્યામાં ગરબાપ્રેમીઓ જોડાય છે. નવરાત દરમિયાન નગરમાં રોજબરોજ વિવિધ સંસ્થાઓ દ્વારા પણ વૈવિધ્યસભર ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. જેના પરિણામે રાત્રીની સાથે દિવસ દરમિયાન પણ નવરાતનો રંગ જામે છે. જ્યારે નગરમાં આયોજિત અલ્ટ્રા મોર્ડન ગરબા મહોત્સવમાં પણ વિશાળ ગરબા મેદાનની સાથે અદ્યતન સાઉન્ડ સીસ્ટમના તાલે ખેલૈયાઓ ગરબાની ધૂમ માચીવ રહ્યા છે. જોત-જોતામાં નવરાત મહોત્સવ અંતિમ ચરણમાં પહોંચી ગયો છે. ત્યારે નવલા નોરતાના છેલ્લા દિવસોમાં ખેલૈયાઓ પણ મનમુકીને ગરબે ઘુમી લેવાના મૂડમાં જોવા મળે છે. અંતિમ તબક્કામાં નવરાતનો રંગ નિતર્યો છે. માતાજીની ભક્તિ અર્ચના સાથે ગરબા પ્રેમીઓ મનભરીને મહોત્સવની મજા માણી લેવા ઉત્સુક બન્યા છે.




(તસવીર : દિપક જાની)

## આજથી એલ.કે. અડવાણી ગુજરાતના પ્રવાશે

ગાંધીનગર, તા. ૩૦

દેશના પૂર્વ નાયબ વડાપ્રધાન અને ગાંધીનગરના સાંસદ એલ.કે. અડવાણી આવતીકાલથી ગુજરાતના બે દિવસના પ્રવાસે આવી રહ્યા છે.



આવતીકાલથી ગુજરાતના પ્રવાસે આવી રહેલા પૂર્વ નાયબ વડાપ્રધાન એલ.કે. અડવાણી ૧લી ઓક્ટોબરે સાંજે ૫ વાગ્યે કાળી ગામ બગીચાના લોકાર્પણ કાર્યક્રમમાં હાજરી આપશે. ત્યાર બાદ સાંજે ૬ કલાકે કાર્યકર્તા સંમેલનને સંબોધશે. રાત્રે ૧૦ વાગ્યે ગરબા મહોત્સવમાં હાજરી આપશે.

આ ઉપરાંત ૨જી ઓક્ટોબરે ગાંધી જયંતીએ ઈન્કમટેક્ષ ગાંધીજી સ્ટેચ્યુ ખાતે યોજાનારા કાર્યક્રમમાં હાજરી આપશે તેમજ નારણપુરા વિધાનસભા અને ગાંધીનગરમાં સ્વચ્છતા અભિયાન કાર્યક્રમમાં પણ ઉપસ્થિત રહેશે.

## કલ્ચરલ ફોરમના ગરબા આજથી રાત્રે ૮.૦૦ વાગે શરૂ થશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરના નાગરિકોના અભૂતપૂર્વ પ્રચંડ પ્રતિસાદ અને ગરબાપ્રેમીઓના અદમ્ય ઉત્સાહને ધ્યાનમાં લઈને ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબા છેલ્લા ત્રણ નોરતા દરમિયાન રાત્રે ૮.૦૦ વાગ્યે શરૂ થશે.

ગાંધીનગરના ઘ-રોડ પર બાલનગરી મેદાન ખાતે યોજાઈ રહેલા કલ્ચરલ ફોરમના ગરબાને ગાંધીનગરના નાગરિકો તરફથી અત્યંત ઉમળકાભર્યો પ્રતિસાદ મળી રહ્યો છે. નવરાત્રિના હવે માત્ર ત્રણ નોરતા બાકી રહ્યા છે ત્યારે ગરબાપ્રેમીઓ વધુમાં વધુ સમય ગરબે રમી શકે તે માટે ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબા રાત્રે ૮.૦૦ વાગ્યે શરૂ કરાશે. ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ શ્રી કૃષ્ણકાન્તભાઈ જહાએ ગાંધીનગરના તમામ નાગરિકોનો અંતઃકરણપૂર્વક આભાર માનતાં જણાવ્યું હતું કે, ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબા સમયસર શરૂ થશે. ગરબાપ્રેમીઓ વ્યવસ્થા અને આયોજનને વધુ ને વધુ માણી શકે અને આદ્યશક્તિની આરાધનાનું આ પર્વ યાદગાર બની રહે એવો અમારો પ્રયત્ન છે. નાગરિકોના સહકાર બદલ તેમણે આભારની લાગણી પ્રદર્શિત કરી હતી.

## અમદાવાદ મ્યુનિસીપલ કમિશનર પદે ડી. થરાની નિમણુંક

ગાંધીનગર, તા. ૩૦

રાજ્યના ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવ તરીકે ફરજ બજાવતા ડી.જે. પાંડીયનને જી.એસ.પી.સી. એમ.ડી. તરીકેનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે.

રાજ્ય સરકારે આજે કરેલા હૂકમોમાં ઈન્ડેક્ષ-બી ના એમ.ડી. તરીકે ફરજ બજાવતા પી. સ્વરૂપને ઉદ્યોગ કમિશનરનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે.

આ ઉપરાંત અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર તરીકે ફરજ બજાવતા ગુરૂપ્રસાદ મહાપાત્રોની કેન્દ્ર સરકારમાં પ્રતિનિયુક્તિ પર બદલી થતાં તેમની ખાલી પડેલી આ જગ્યાએ ઔડાના મુખ્ય કારોબારી અધિકારી તરીકે ફરજ બજાવતા ડી. થરાની બદલી કરીને અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર તરીકે નિમણુંક આપવામાં આવી છે. સાથે તેઓ ઓડાના સી.ઈ.ઓ. તરીકેનો પણ વધારાનો હવાલો સંભાળશે.

## આસોની આજવાળી રાતમાં ગુલાબી ઠંડી અદૃશ્ય : ચૈત્ર આકાશે ચઢયો!

### વરસાદી વાયરા બાદ આકરા બફારા વચ્ચે મહત્તમ તાપમાન ૩૭.૫ ડીગ્રી પહોંચતા નગરજનો ઉનાળા જેવી આક્રમક ગરમી અનુભવી રહ્યા છે

ગાંધીનગર, તા.૩૦

આસો મહીનામાં ગુલાબી ઠંડીના બદલે આકરી ગરમીએ સામ્રાજય જમાવ્યું છે. મૌસમના બદલાતા મિજાજ વચ્ચે કયારેક વાદળિયા વાતાવરણ વચ્ચે ધૂપ છાંવનો માહોલ સર્જાય છે. તો બીજી તરફ બફારાના લીધે નગરજનો ત્રાહીમામ પોકારી ગયા છે. તાપમાનના પારાએ પણ આજે વિચિત્ર ઋતુચક્રનો અહેસાસ કરાવ્યો હતો. મહત્તમ તાપમાન ૩૭.૫ ડીગ્રીને આંબી ગયું હતું. જેના લીધે દિવસના આકરા તાપે ઉનાળાની અસહ્ય ગરમીની યાદ અપાવી દીધી હતી. છેલ્લા ઘણા વર્ષોમાં આસો મહીનાના દિવસોમાં આજે મહત્તમ તાપમાન વિશેષ નોંધાયું હોવાનું પણ ધ્યાને આવ્યું છે.

છેલ્લા ઘણા સમયથી મૌસમના મિજાજમાં સતત બદલાવ જોવા મળે છે. આકરા બફારાથી નગરજનો ત્રાહીમામ પોકારી ઉઠયા છે. આસો મહીનામાં સામાન્ય રીતે ગુલાબી ઠંડીનો ચમકારો વર્તાતો હોય છે. પરંતુ ઋતુચક્ર ખોરવાતા મૌસમનો મિજાજ પણ કાંઈ અનોખો અનુભવાઈ રહ્યો છે. બે દિવસ પૂર્વે આકાશમાં ગોરંભાયેલા વાદળો સાથે વરસાદી વાયરો ફૂંકાયો હતો. જયારે આજે અચાનક જ ગરમીના પારાએ દોટ લગાવતા નગરજનોએ ઉનાળા જેવી આકરી ગરમીનો અહેસાસ કર્યો હતો. આજે દિવસ દરમિયાન મહત્તમ તામપાન ૩૭.૫ ડીગ્રી નોંધાયું હતું જયારે લઘુત્તમ તાપમાન ૨૫.૮ ડીગ્રી રહેવા પામ્યું હતું. બીજી તરફ વાતાવરણમાં ભેજનું પ્રમાણ પણ ૬૨ થી ૭૧ ટકા રહેતા નગરજનોએ બાફ અનુભવ્યો હતો. શિયાળાની ગુલાબી ઠંડી શરુ થવાના દિવસોમાં ગરમીએ માથુ ઉંચકતા નગરજનો મૌસમના વિચિત્ર મિજાજનો અનુભવ કરી રહ્યા છે. આજે ગરમીના આકરા મૂડથી બપોરનો તાપ વધુ અસહ્ય બન્યો હતો. આસોની અજવાળી રાતમાં ગુલાબી ઠંડી હજુ અદૃશ્ય છે ત્યારે દિવસે ચૈત્ર આકરો ચઢયો હોય તેવી સ્થિતિ નગરજનો માટે ચામડીના દાહ આપનારી પુરવાર થઈ છે.

## ગાંધીનગરમાં સ્વચ્છતા અભિયાન માટે ૪૪ ટીમ

### ૨જી ઓક્ટો. ના રોજ સિવિલ કેમ્પસથી પ્રભારી મંત્રી દ્વારા સફાઈ અભિયાનનો કાર્યક્રમ હાથ ધરવામાં આવશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં ૨જી ઓકટો.થી પ્રભારી મંત્રી શ્રી નીતિનભાઈ પટેલના હસ્તે સ્વચ્છતા અભિયાનનો આરંભ થશે. રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી નીતિન પટેલ, ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતેથી આ અભિયાનનો આરંભ કરાવશે.

આ સ્વચ્છતા અભિયાન રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૨૦૧૯માં ૧૫૦ મી જન્મજયંતિ ઉજવણીના ભાગરૂપે અમલમાં આવી રહેલ છે. જે પંચવર્ષીય પ્રોજેક્ટ છે.

ગાંધીનગર શહેરમાં સ્વચ્છતા અભિયાનમાં ૨૬ જેટલા સ્થાનો પરથી તેનો આરંભ થશે. આ સ્વચ્છતા અભિયાન માટે આમ તો કુલ ૪૪ જેટલી ટીમો બનાવવામાં આવી છે.

૧૭ ટીમો સિવિલ હોસ્પિટલની સફાઈ હાથ ધરશે જ્યારે ૨૬ ટીમો ગાંધીનગર શહેરમાં સફાઈની કામગીરી હાથ ધરશે. એક ટીમ પેથાપુર નગરપાલિકા ખાતે સફાઈની કામગીરી હાથ ધરશે.

મળતી વિગતો પ્રમાણે આ સફાઈ અભિયાન અંતર્ગત ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ૨૫૦થી પણ વધુ ડસ્ટબીન મુકવામાં આવશે. આ પછી ત્યાં ગંદકી કરનાર સામે દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં સ્વચ્છતા અભિયાનમાં રાજ્યના ઉચ્ચ સનદી અધિકારીઓ સ્વૈચ્છીક સંગઠનો અને વેપારી આગેવાનો જોડાશે. આ ઉપરાંત વિવિધ કર્મચારી સંગઠનો પણ અભિયાનમાં જોડાશે એટલુ જ નહિ તમામ કચેરીઓમાં હાલ સફાઈ અભિયાન ચાલી રહ્યું છે.

ગાંધીનગર શહેરમાં ૨જી ઓક્ટો.ના રોજ હાથ ધરાનાર સફાઈ અભિયાન દિલ્હીમાં સવારે નવ વાગે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ખુલ્લુ મુકશે તે પછી અહિ સિવિલ હોસ્પિટલથી શરૂ કરવામાં આવશે. તંત્ર દ્વારા આ અભિયાનને લઈ તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

ગ્રામ્ય કક્ષાએ પણ આ અભિયાન માટે જિલ્લા વિકાસ અધિકારીની અધ્યક્ષતામાં એક વિશેષ સમિતિ રચવામાં આવી છે.

રાજ્યમાં હાથ ધરાનાર સફાઈ અભિયાનને લઈ આજે મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે પણ એક વિશેષ વિડીયો કોન્ફરન્સ યોજી તંત્રના અધિકારીઓને વિશેષ માર્ગદર્શન આપ્યું હતુ.



## આજે મનપા સ્થાયી સમિતિની મહત્વની બેઠક મળશે

### સ્વચ્છતા અભિયાન અંતર્ગત ફ્રી ડસ્ટબીન તબક્કવાર વિતરણ કરવા માટેનો નિર્ણય થશે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની એક મહત્વની બેઠક આજે બપોરે ૧૨ વાગે મનપા ખાતે મળશે.

સ્થાયી સમિતિના ચેરમેન શ્રી આશિષ દવેની અધ્યક્ષતામાં મળનાર આ બેઠકમાં શહેરમાં હાથ ધરાનાર સ્વચ્છતા અભિયાનની સાથે સાથે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ ૨૦૦૦ના અમલીકરણ માટે ઘેર ઘેર ડસ્ટબીન વિતરણના પ્રોજેકટને લીલી ઝંડી આપવામાં આવે તેમ મનાઈ રહ્યું છે.

મળતી વિગતો પ્રમાણે તબક્કાવાર ડસ્ટબીન વિતરણની કામગીરી શહેરમાં હાથ ધરવામાં આવશે.

સ્થાયી સમિતિની આ બેઠકમાં રાજય સરકારે તાજેતરમાં જે સત્તાઓ બાંધકામને લઈસુપ્રત કરી છે તેના પર પણ ચર્ચાઓ કરવામાં આવનાર છે. આ માટે સત્તા સોંપણી પણ કરવામાં આવે તેવા સંકેતો મળી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## આઈએએસ પ્રદિપ શર્માના સે. ૧ના બંગલે એસીબી સર્ચ ઓપરેશન

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરના સેક્ટર-૧ ખાતે સસ્પેન્ડેડ આઈએએસ અધિકારી પ્રદિપ શર્માનો બંગલો છે. એસીબીની ટીમે ગઈ રાત્રે પ્રદિપ શર્માની ધરપકડ કરી લઈને મોડી રાત્રે તેમના સે. ૧ ના બંગલે સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતું. આ ઓપરેશન ત્રણ કલાકથી વધુ સમય ચાલ્યુ હતુ.



જમીન પ્રકરણમાં સસ્પેન્ડ થયેલા આઈ.એ.એસ. પ્રદિપ શર્માની અંદાજે એક કરોડની મિલકત ઈ.ડી.એ. ટાંચમાં લીધી છે. એ.સી.બી.ની ટીમે પ્રદિપ શર્માની ગઈ રાત્રે ધરપકડ કરી લીધી હતી અને તેમની તમામ મિલ્કતો અંગે સર્ચ શરૂ કર્યું હતું. ગાંધીનગર શહેરના સેક્ટર-૧ ખાતે સ્થિત પ્રદિપ શર્માના બંગલામાં એસીબીની આખી ટીમ મોડી રાત્રે આવી પહોંચી હતી અને ત્રણ કલાકથી વધુ સમય સુધી એસીબીની ટીમનું સર્ચ ઓપરેશન ચાલ્યુ હતું. ત્યાર બાદ પ્રદિપ શર્માને ટીમ ભુજ લઈ ગઈ હોવાનું સુત્ર પાસેથી જાણવા મળ્યું છે.

## દુષ્ટોનો નાશ કરવા વાળી માતા કાળરાત્રીનું આજે સાતમા સ્વરૂપનું પૂજન અર્ચન

### દાનવ, દૈત્ય, રાક્ષસ, ભૂત-પ્રેત આદિ મા કાળરાત્રીના સ્મરણ માત્રથી ભાગી જાય છે

ગાંધીનગર, તા. ૩૦

માઁ ભગવતીની આરાધનાના પર્વ નવરાત્રી તેની ચરમસીમાએ પહોંચી ગઈ છે. શ્રધ્ધાળુઓ પોતાની શક્તિ પ્રમાણે ભક્તિ કરી રહ્યા છે. તો ખેલૈયાઓ પણ આ નવરાત્રીના ઓરતા અધુરા ન રહે તે રીતે ગરબે ઘુમી રહ્યા છે. માતાજીના છ સ્વરૂપોના પૂજન અર્ચન થકી ભક્તોએ માઁ ની અપારકૃપા મેળવવાના પ્રયાસો કર્યા છે. જેમાં આજે સાતમા દિવસે દુષ્ટોને હરનારી માતા કાળરાત્રીનું સાતમુ સ્વરૂપ પૂજાશે.



માઁ આદ્યશક્તિના સાતમા સ્વરૂપની પૂજાનું વિશેષ મહત્વ હાલના સંજોગો આધિન વધારે બન્યું છે. જેમાં માઁ ભગવતીએ કાળરાત્રીનું સ્વરૂપ ધારણ કર્યું છે. જેમાં માઁ કાળરાત્રીનો વર્ણ કાજળ જેવો કાળો છે તેથી તેમનું સ્વરૂપ ભયાનક છે, માતાજીની ત્રણ મોટી મોટી આંખો છે જેમાંથી અગનવર્ષા થાય છે. અને જેનાથી માતાજી પોતાના ભક્તો ઉપર અનુકંપાની દૃષ્ટિ રાખે છે. તેમજ


● અનુસંધાન પાન-૭ પર

૨જી ઓક્ટોબરે ગાંધીનગરવાસીઓ જેમાં જોડાવા સદા આતુર હોય છે તે

જે પીડ પરાઈ જાણે રે

(ગાંધી-ભજન-ગીતો)

સાંભળવા જરૂરથી આવજો.



● સમય : સવારે ૬-૧૫ કલાકે

● સ્થળ : ટાઉનહોલ સામેની લોનમાં

● મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાનને આપણા રોજીંદા જીવનનો ભાગ બનાવીએ

સૌજન્ય : વેસ્ટર્ન એગ્રી સીડ લી., જી.આઈ.ડી.સી., ગાંધીનગર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા



BIRLA TYRES Unbeatable!

CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT

Kisan

ashirvad C. PVC, UPVC

TATA STEEL • PIPES • SHEETS

VINAYAK 500 TMT BARS - ISI

BENELAVE BATH FITTINGS

DR.FIXIT

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com